# છેલ્લી ઘડીના અવસરે

: લેખક :

ભોગીલાલ ગિ. શેઠ

# છેલ્લી ઘડીના અવસરે

: લેખક :

ભોગીલાલ ગિ. શેઠ

પ્રકાશક : **શ્રેયસ પ્રચારક સભા** વતી
**શ્રી એ. એમ. મહેતા**
શરફ મેન્શન, બીજે માળે, ૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
**મુંબઈ 400 002**

●

: પ્રાપ્તિસ્થાન :

**એ. એમ. મહેતા એન્ડ કં.**
શરફ મેન્શન, બીજે માળે
૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ-૨**
ફોન : **૩૨૩૯૮૭**

●

**જયંતીભાઈ ભીમાણી**
**પ્રકાશ જ્વેલર્સ**
નવા નાકા રોડ, **રાજકોટ**

●

ઈ. સ. ૧૯૮૫ ] [ વિ. સં. ૨૦૪૨

---

મુદ્રણસ્થાન : શ્રી વિજય એન. શેઠ
પ્રિન્ટવેલ 6, પૂનાજી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ધોબીઘાટ,
અમદાવાદ-380 004

અરે મૂઢ,
મૃત્યુથી કાં ડરે છે?
શું ડરનારને મૃત્યુ છોડી દે છે?
ભલા માણસ,
જે જન્મતો નથી,
એને મૃત્યુ ગ્રહણ કરી શકતું નથી.
તો અજાતજન્મ થા ને?

આત્માનુભવી મનુષ્ય આનંદથી રહે છે,

અમરત્વના રિપુ સમાન હે મૃત્યુ!

મને ડરાવવાનો તારો પ્રયત્ન કેવળ નિષ્ફળ છે, કેમકે દેહરૂપ પિંજરથી હું ખૂબ કંટાળ્યો છું. ને તેથી મારે જ તેનાથી મુક્તિ જોઈએ છે. આ દેહમાં રહેલ ચેતનાથી ભરપૂર એવો ચૈતન્ય-સ્વરૂપ આત્મા પુદ્ગલની જાળમાંથી છૂટે અને નિજ શુદ્ધ સ્વભાવને પામે એ મંગલ અને ધન્ય દિવસની હું જ પરમ શાંત ભાવથી રાહ જોઉં છું. ત્યાં તારો ડર ક્યાંથી હોય? તે તું જ વિચાર.

# આ....મુ....ખ

અમને જણાવતાં આનંદ થાય છે કે ઈ. સ. ૧૯૭૭માં પ્રગટ થયેલ અમારા "સમાધિમરણ" નામના પુસ્તકની બધી નકલો ખપી જવાથી અને તેની લોકપ્રિયતાને કારણે થતી માગણી ચાલુ રહેવાથી તેની સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ જિજ્ઞાસુઓની ઇચ્છાની તૃપ્તિ અર્થે બહાર પાડવાનું નક્કી કરેલ છે. તે પુસ્તકના અંત ભાગમાં "છેલ્લી ઘડીના અવસરે" એ શીર્ષક

હેઠળનું ઉપયોગી લખાણ આપવામાં આવનાર છે. પરંતુ "સમાધિમરણ" પુસ્તકની બીજી આવૃત્તિ છપાતાં વિલંબ થાય તેવી સ્થિતિ છે અને તેથી આ લખાણ એક નાની પુસ્તિકારૂપે જુદું છપાવવું વધુ ઉચિત છે એમ માનીને તેમ કર્યું છે.

અત્યારના દરેક ક્ષેત્રે વિકસતા વિજ્ઞાનના ધસમસતા યુગમાં વિચારોનું પરિવર્તન જોર-શોરથી થઈ રહ્યું છે. તેમાં કેટલાક વિચારો ગૂઢતાએ દોષગર્ભિત પણ થયા છે, એમ અમારો નમ્ર અભિપ્રાય છે. અમારી દૃષ્ટિએ આ પુસ્તિકામાં જણાવેલ વિચારો સહુ કોઈને માર્ગદર્શનરૂપ થશે અને તેની વ્યાવહારિક ઉપયોગિતા વિશેષ-પણે જણાશે.

જીવનના અંતે આખરી માંદગી અને મૃત્યુ નિયમથી આવવાનાં છે. તેમાંથી કોઈ પણ જીવ છટકી શકે તેમ નથી. તે છેલા અવસરે મૃત્યુને ભેટનાર જીવનું હિત ક્યાં અને કેવી રીતે છે તેના પર ઊંડાણથી વિચારતાં જે તથ્ય લાધ્યું તે અહીં બતાવવાનો અમારો શુભ હેતુ છે. આ પ્રકરણ લખવામાં વિદાય લેતા જીવ પ્રત્યેનો અમારો કરુણાભાવ પ્રેરણારૂપ થયેલ છે એમ કહેવામાં અતિશયોક્તિ કરેલ નથી. અમને સ્પષ્ટ-પણે લાગે છે કે જો જિજ્ઞાસુ વૃંદ શાંત ચિત્તથી અને અપક્ષપાત નિર્મળ મતિથી અત્રે આપેલ માહિતી ઉપર વિચાર કરશે તો આ પુસ્તિકામાં જણાવેલ સિદ્ધાંતો તથા મુદ્દાઓ તેમને ચોક્કસ સાચા અને ન્યાયયુક્ત જણાશે એટલું જ નહિ પરંતુ તેને ઉપયોગમાં લેવા યોગ્ય પણ લાગશે.

આ પુસ્તકનું છપામણ વગેરેનું તમામ ખર્ચ "યુનિક ફાર્માસ્યુટિકલ લેબ્ઝ"એ આપેલ છે તે માટે તેમનો આભાર માનીએ છીએ.

છેલ્લે અમે સંતોષ સહિત આશા રાખીએ છીએ કે આ નાનકડી પુસ્તિકા યોગ્ય અવસરે સૌને પ્રભુકૃપાએ ઉપયોગી અને લાભદાયી થાઓ. "સમાધિમરણ" પુસ્તક પણ જલદીથી પ્રસિદ્ધ કરવાની અમારી નેમ છે. તે પણ અહીં જણાવીએ છીએ.

૩૪, મોરબી હાઉસ,
ગોવા સ્ટ્રીટ
**મુંબઈ 400 001**
તા. ૭-૩-૧૯૮૧

ભોગીલાલ ગિ. શેઠ

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના

ભોગીલાલ ગિ. શેઠ લિખિત "છેલ્લી ઘડીના અવસરે"ની પહેલી આવૃત્તિ ૧૯૮૧માં પ્રગટ થઈ હતી. આ બીજી આવૃત્તિ પ્રગટ કરી સુજ્ઞ, ભવ્ય અને સત્ જિજ્ઞાસુ વાચકોના કરકમળમાં મૂકતાં અમે આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તિકાનો તમામ ખર્ચ સ્વ. ભગવાનલાલ કપુરચંદ મોદી તથા જયાકુંવરબેન ભગવાનલાલ મોદી ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી આપવામાં આવેલ છે તે માટે અમે તેમના ઋણી છીએ.

પ્રેસ અંગે નવનીતભાઈ શેઠે "પ્રિન્ટવેલ"–સદ્ભાવથી બનતી કાળજીપૂર્વક લીધેલ પ્રયાસ માટે તેમના આભાર માનીએ છીએ.

મુંબઈ                                                    શ્રેયસ પ્રચારક સભા

તા. ૨૭-૧૨-૮૫

# છેલ્લી ઘડીના અવસરે....

## છેલ્લી ઘડીના અવસરે...

### પ્રાસ્તાવિક :

ત્વરિત ગતિથી દોડી રહેલા આ વિજ્ઞાન-યુગમાં જેમ અન્ય ક્ષેત્રે તેમ ઔષધાદિ ઉપચારના ક્ષેત્રે ચમત્કારિક શોધો થઈ રહી છે અને તેથી તેના પરિણામે નિષ્ણાત અને વિચક્ષણ ડોકટરોનાં હૃદયમાં લગભગ અડગ એવો વિશ્વાસ આવી ગયો છે કે દર્દ ગમે તેટલું ગંભીર અને જીવલેણ દેખાતું હોય તો પણ મૃત્યુ ભયની સામે પડીને અંતકાળ સુધી ઉપચારની શ્રદ્ધામાંથી ચલિત થવું નહિ અને શકય એટલી છેલ્લામાં છેલ્લી શોધ મુજબની દવા અથવા સાધન ઉપયોગમાં લેવાં. પ્રથમની ઉપલક દૃષ્ટિથી જોતાં આ વાત માનવધર્મની સાથે સુસંગત અને દયાભાવને પોષક એવી જણાતી હોવાથી

ન્યાયયુક્ત લાગશે. પરંતુ જેણે પરમકૃપાળુ શ્રી ભગવંતનો અખંડ સિદ્ધાંત પોતાના અંતરમાં દૃઢપણે સ્થાપિત કર્યો છે કે મૃત્યુ અનિવાર્ય છે અને તેમાંથી કદી છટકી શકાય તેમ નથી; વળી તેના આગમન માટેનાં ચિહ્નો પણ સુસ્પષ્ટ છે એમ તે જાણે છે, તેથી તેને લીધે ઊંડી વિચારણાના ફળરૂપે જે ઊંડી સમ્યક્‌દૃષ્ટિ તેણે કેળવી છે, તે દૃષ્ટિથી તે આ વાતને વિવેકથી જુએ છે ત્યારે તેના કોમળ રડતા હૃદયમાં એમ સહજ આવે છે કે મૃત્યુ સન્મુખ પહોંચેલો આ દર્દી કોઈ અપેક્ષાએ પજવણીરૂપ એવી સારવારથી મુક્ત થાય તો કેવું સારું!

દેહ છૂટવાના અંતકાળ સુધી ઉપચાર-વિધિ સતત ચાલુ રાખવાની રીત ઘણું કરીને મુંબઈ, મદ્રાસ, દિલ્હી જેવાં મોટાં શહેરોમાં,

ત્યાંની પ્રખ્યાત હૉસ્પિટલોમાં અને શ્રીમંત અથવા પ્રતિષ્ઠિત વ્યક્તિઓના સંબંધમાં જોવા મળે છે. ઉચિતતા સુધી યોગ્ય ઉપચાર કરવાના વિરોધમાં લેશ પણ કહેવાનું હોય નહિ. પરંતુ જ્યારે જીવનદીપ બૂઝાવાની તૈયારી થઈ ચૂકી હોય, તેનાં એંધાણ સ્પષ્ટપણે મળી રહ્યાં હોય અને અતિ નિકટનાં સ્નેહી સ્વજનોનાં હૃદયમાં દર્દીની જીવવાની આશા કેવળ ઓસરી ગઈ હોય, ત્યારે તો આપ્તજનોએ નૈતિક હિંમત એકઠી કરી ડાક્તરોને સર્વ ઉપચારો બંધ કરવાનું અને બધી પરિસ્થિતિને કુદરત ઉપર છોડી દેવાનું વિવેક–વિનયથી કહેવું ઘટે છે. એ અવસ્થાએ એ જ ઉત્તમ અને શ્રેયસ્કારી માર્ગ છે એમ સુવિચારથી જણાવા યોગ્ય છે. ઘણું કરીને તે વેળાએ ડાક્તરોનાં અંતરનાં ઊંડાણમાં પણ દર્દી બચી જશે એવી આશાનું

કોઈ કિરણ પ્રકાશિત હોતું નથી, તે છતાં બાહ્ય ફરજ સમજી તેઓ ઉપચાર કર્યા કરે છે અને તે થકી સંતોષ લે છે.

શરીરનાં કેટલાંક દર્દો અને અકસ્માત પ્રસંગો એવાં છે કે તેમની યોગ્ય સારવાર માટે દર્દીને ફરજિયાત હૉસ્પિટલમાં લઈ જવા પડે છે અને ત્યાં તેમ કરવું જરા પણ ખોટું નથી. વિચારવા માટેનો પ્રશ્ન છે માત્ર છેલ્લી અવસ્થા સંબંધનો અને તે દર્દીના હિતમાં જેટલી સુગમતાથી હલ થાય તે કર્તવ્યરૂપ ગણવું.

## માંદગી : દર્દ અને દર્દી

શરીરમાં જ્યારે વ્યાધિ ઉત્પન્ન થાય છે અને કષ્ટ કે પીડા આપવાનું શરૂ કરે છે, ત્યારે મનુષ્યને માંદગીના બિછાને પડવાનું બને છે. કેટલાંક દર્દ એવાં છે કે જે ધીમે

ધીમે જોર પકડી દર્દીને પોતાના પાશમાં સપડાવે છે, ત્યારે બીજાં કેટલાંક દર્દ નિદાન થતાં જ ઝડપથી આગળ વધી સર્વ માટે મૂંઝવણ અને ઉપાધિ લાવનાર પુરવાર થાય છે. આજે કેન્સર નામનું દર્દ એવા પ્રકારનું છે, એ સહુ કોઈ જાણે છે. ઘણું કરીને દર્દના વધી ગયા પછી જ તેનું નિદાન થાય છે. આ દર્દની ભડક અને તેની પીડાનો ભય અત્યંત છે. દર્દીને પોતાનું મૃત્યુ હવે સમીપ દેખાય છે. તેનું સમાધાન કરવા તે શક્તિથી હારી જાય છે. વાસ્તવમાં જોઈએ તો જણાશે કે બીજા પણ ઘણા રોગો છે, જ્યાં અપાર વેદના છે, ન સહી શકાય એવી પીડા છે અને વ્યાધિનું ઉગ્ર સ્વરૂપ છે. જેમ કે, જળોદર, હૃદયરોગ, મગજમાં સોજો ઇત્યાદિ, તથાપિ તે સંબંધે કેન્સરના દર્દ જેવો ગભરાટ હોતો

નથી, એ આશ્ચર્ય છે. દર્દને કેવી દૃષ્ટિએ જોવું અને લેવું તે દર્દીના સંસ્કારો ઉપર, તેના ચારિત્રના ઘડતર ઉપર, તેના સંબંધમાં આવતા સંગીઓ અને પ્રસંગીઓ ઉપર, તેના મનની સ્થિતિ ઉપર અને તેનામાં વાસ કરી રહેલ ધર્મશ્રદ્ધા તથા ધર્મભાવનાના બળ ઉપર અવલંબિત છે. જો દૃષ્ટિ સીધી અને સરળ હોય તો દુઃખનું વેદન ન્યૂન છે. આવી દૃષ્ટિવાળો કેન્સરના દર્દનો ભોગ બન્યો હોય, તો તે એમ વિચારશે કે બીજાં દર્દ જીવલેણ નીવડશે કે નહીં તેની સમજણ મોડી પડતી હોવાથી અસાવધ રહેવાનો યોગ આવે છે ને તેથી સ્વનું અહિત થાય છે, ત્યારે આ દર્દ પોકારીને આયુષ્ય અંતનો લક્ષ કરાવે છે, ચેતાવે છે, સાવધ કરે છે અને તેથી તે ઉપકારી રહે છે. અને જો દૃષ્ટિ સરળ નથી, સાચી

નથી અને સીધી નથી, તો તેવી દૃષ્ટિવાળો માનસિક અસ્વસ્થતા, અશાંતિ, ઉદ્વેગ અને તાણખેંચનો અનુભવ કરી દુઃખનું વેદન વધારશે. તે વેળાની તેની અંતરસ્થિતિ દયાજનક હોય છે. મગજ પરનો એ ભાર હળવો કરવા જ્ઞાની પુરુષનાં દેહ, રોગ અને ભોગનું સત્યસ્વરૂપ બતાવનારાં અમૃતસ્વરૂપ વચનો અત્યંત કાર્યકારી થાય છે. દર્દીની શ્રદ્ધા અને રુચિ અનુસાર અનુકૂળતાએ એ વચનોનું શ્રવણ કરાવવું યોગ્ય ગણવું. ત્યારબાદ તેની પાત્રતા વધતાં વૈરાગ્યપ્રેરક વચનોનો આશ્રય લઈ તેની ચિત્તશુદ્ધિ કરવા પ્રયત્નશીલ થવું અને આખરે તેની વૃત્તિને અવિનાશી આત્મા પ્રત્યે વાળવાના ક્રમમાં દોરી જવી.

## માંદગી : ગંભીર અને ભયજનક સપાટીવાળી

માંદગીના ખાટલે પડેલા માનવીનું દર્દ ધીમે ધીમે અથવા એકાએક વેગથી વધી જાય છે અથવા આનુષંગિક અન્ય દર્દોનો પ્રસારણ-રૂપ હુમલો આવે છે, ત્યારે દેહમાં એકત્રિત થયેલાં દર્દોના સમૂહનો સામનો કરવામાં દાક્તરોને ઘણો શ્રમ લેવો પડે છે. તેમ છતાં નિષ્ણાત દાક્તરોના કાળજીપૂર્વકના ઉપાયો અને ઉપચારો દર્દને કાબૂમાં લેવા સફળ થવાને બદલે નિષ્ફળતા ભણી જતા જોવામાં આવે છે ત્યારે સાધારણ રીતે માની શકાય છે અને કહી પણ શકાય છે કે દર્દી ગંભીર હાલત-માંથી પસાર થઈ રહ્યો છે. તેની દેહસ્થિતિ ભયસૂચક સપાટી પર લગભગ આવી પહોંચી છે. એવી કટોકટીવાળી અવસ્થા ક્યાં સુધી

ચાલશે તેનો અંદાજ દાક્તરોના અભિપ્રાયમાં ઘણું કરીને આવવાનો સંભવ હોય છે. મૃત્યુ-ભયની સપાટી હવે સમીપ છે એવી શંકા દાક્તરોના હૃદયમાં ઉદ્ભવ પામે છે અને તે લગભગ સાચી ઠરે છે. માત્ર ક્યારેક જ અપવાદરૂપ એવા પ્રસંગો બને છે કે મૃત્યુને આરે પહોંચેલો કોઈ ભાગ્યવંત દર્દી પોતાના શેષ રહેલા આયુષ્યકર્મના બળે છેલ્લી ઘડીના ઉપચારના નિમિત્તથી અથવા તેવા કોઈ દવાના કે સાધનના આશ્રય વિના પણ મૃત્યુના ભયમાંથી ઉગરી જાય છે અને બાકી રહેલું આયુષ્ય પૂર્ણ કરે છે.

દિવસોના વહેણની સાથે દર્દની મુખ્યતાએ દર્દીની હાલત ગંભીર સ્વરૂપ પકડતી જાય છે તેનું સ્પષ્ટ જાણપણું સેવા-સારવારમાં રોકાયેલા સ્વજનોને ઘણું કરીને વેળાસર આવી જાય છે. દાક્તરોને પૂછતાં તેમના તરફથી મળતા

નબળા ઉત્તરો પોતાના અભિપ્રાયને ટેકો આપનાર હોય છે. આથી આ દિવસોમાં દર્દીને જેમ બને તેમ અને જેટલું બને તેટલું વ્યવહાર તથા પરમાર્થના શુભ હેતુએ ઉપયોગી થવું જરૂરી છે. આ "સમાધિમરણ" પુસ્તકમાં ઘણું અગત્યનું અને ઉપકારી સાહિત્ય, પ્રેરક મરણપ્રસંગો, સમુદ્ઘાત, મરણ પૂર્વે અને પશ્ચાત્ દેહ સંબંધી ચમત્કૃતિઓ વગેરે આપવામાં આવેલ છે. દર્દીની અનુકૂળતાએ તેની ઈચ્છાનુસારનો વિભાગ તેમાંથી વાંચી સંભળાવવો અથવા મુખથી વાર્તારૂપે કહેવો. યોગ્ય અવસર જોઈ દેહનું વિનાશીપણું, સંસારનું અસારપણું અને ચૈતન્યસ્વરૂપ આત્માનું હોવાપણું અને નિત્યપણું છે એવું ભાન કરાવતા જવું. જે દર્દીની શ્રદ્ધા ધર્મના પાયા પર સ્થાપિત થઈ હોય અને અંદરમાં

રુચિ ઉત્પન્ન થઈ ધર્મભાવ દૃઢતાને પામ્યો હોય, તેને માટે કલ્યાણપ્રેરક બોધવચનોરૂપ ટકોર બસ થઈ પડે છે અને તેનો આત્મા અવસરે જાગૃત રહી દેહત્યાગ કરે છે.

**ગંભીર માંદગીના દિવસોમાં :**

માંદગી જ્યારે ઉગ્ર સ્વરૂપ પકડી ગંભીર બનતી જતી હોય તે દિવસોમાં દર્દીના હિતાર્થે અત્યંત કાળજીપૂર્વકની સાવધાની રાખવાની આવશ્યકતા રહે છે. તે દિવસો જ એવા છે કે ત્યારે આસપાસનું વાતાવરણ ગંભીર અને ગમગીન બની જતું હોય છે. સ્નેહી અને કુટુંબીજનોનાં ચિત્ત ઉપર વિષાદની રેખાઓ પથરાઈ જતી જોવામાં આવે છે તથા ભયના ઓળા નીચે તેમની પ્રવૃત્તિ થતી હોય છે. વળી વ્યવહારધર્મ સાચવવાને અર્થે દર્દીની તબિયતના કુશળ સમાચાર પૂછવા આવનારા-

ઓની સંખ્યા વધી જાય છે અને ઘણું કરીને, જાળવવા યોગ્ય સમયે તેઓ વિવિધ પ્રકારની અહેતુક વાતોમાં પ્રવૃત્ત થાય છે. તેને લીધે વાતાવરણ ઉદ્વેગવાળું, કલુષિત અને મન પર વિષમ અસર ઉપજાવે તેવું બની જાય છે. સર્વ પ્રકારની આવી વિપરીત અસરથી અને ખોટા વિચારોનાં આંદોલનોના ગ્રહણથી દર્દી વિમુક્ત રહે એ અત્યંત જરૂરી સિદ્ધાંત ધ્યાનમાં લઈ આચરણમાં મૂકવા યોગ્ય છે. ઘરની સર્વ વ્યક્તિઓએ પણ ખૂબ સાવધ રહેવાની જરૂર છે; લાગણીથી થતો ખેદ અને ખેદનાં અશ્રુઓનું વહેણ પ્રગટ થવાની તૈયારીમાં છે એમ જાણ થતાં દર્દીના બિછાનાથી દૂર અથવા બહાર જતા રહેવું જોઈએ; અને પછી ચિત્ત શાંત થતાં સારા અને સુંદર ભાવમાં આવીને દર્દીની સેવા-ચાકરીમાં રોકાવું,

સાથે સાથે પ્રભુનામસ્મરણ કરવું. કહેવાનું તાત્પર્ય એક જ છે કે ગંભીર માંદગીમાં પડેલા દર્દીને અંતરંગ શાંતિ ઊપજે ને અશુભ કે ખોટા વિચારોના પરમાણુઓના ગ્રહણથી તેનો બચાવ થાય એ કરવા યોગ્ય છે. તે ઉપરાંત પૂર્વે સૂચવ્યું છે તે મુજબ દર્દીના ચિત્તની સ્વસ્થતા હોય તે વેળાએ તેને ગમતા અધ્યાત્મવિષયની વાત સંભળાવવી અથવા અધ્યાત્મપદોનું શ્રવણ કરાવવું. તેના ચિત્તની અસ્વસ્થતા દર્શિત થતી હોય અને અશાંતિની ઝલક વેદાતી હોય તેવા સમયે તેની શાંતિ અર્થે પથારી પાસે હાજર રહેલા સ્વજનોએ મનમાં "શાંતિ"નો જાપ અવિરતપણે કરવા યોગ્ય છે. તેમ કરવાથી શાંતિપ્રેરક પરમાણુઓથી આસપાસની હવા વિભૂષિત થશે અને તેના સાહજિક ગ્રહણથી સહુને શાંતિદાયક પાવનકારી

ફળની પ્રાપ્તિ થશે. દર્દીની અસ્વસ્થતા અને અશાંતિ ઘટતી જશે અને સ્વસ્થતા પ્રત્યેનું વલણ વધતું જશે. વિશેષ ઝડપી અસર થવા માટેનો આ પ્રયોગ વધુ લાભદાયી થશે; કોઈ એક ધર્મપ્રેમી અથવા ધર્મારાધક સજ્જન દર્દીના મસ્તકના તાળવે પોતાનો પોલો હાથ રાખી એ જ "શાંતિ" શબ્દનો પ્રેમપૂર્વક જાપ કરવાનું ચાલુ રાખે તો તેનું સુંદર અનુપમ ફળ શીઘ્ર મળે છે; તાળવાને બદલે દર્દીના હાથમાં પોતાનો હાથ સ્થાપીને પ્રયોગ કરી શકાય છે.

કોઈક દર્દી તેના આયુષ્યના અંતકાળ સુધી સભાન અવસ્થામાં હોય છે, તો વળી કોઈક દર્દી દેહત્યાગના સમય સુધી બેભાન અવસ્થા વિતાવે છે. છેવટ સુધીની શુદ્ધિ હોય ત્યારે પણ કોઈક દર્દી વાચા ગુમાવી અવાચક

બની ગયાનાં દૃષ્ટાંતો આપણને જોવા મળે છે. આ બધા પ્રકારના ભેદોમાં ઉપર કહ્યો તે પ્રયોગ કરવાથી અવશ્ય ફાયદો જ છે એમ નિશ્ચયથી માનવું યોગ્ય છે.

## આ દિવસોમાં કયા મંત્રનું સ્મરણ કરવું ?

ઉપકારી સ્મરણમંત્રો અનેક છે. નિયમથી અને ન્યાયથી કહેવું હોય તો જરૂર કહી શકાય કે દર્દીએ જે મંત્રનું આરાધન શ્રદ્ધા-પ્રીતિપૂર્વક કર્યું હોય, તે જ મંત્ર સ્મરણમાં લેવા યોગ્ય છે અને તે તેને કલ્યાણપ્રદ થાય છે. ભિન્ન ભિન્ન અનેક મંત્રો છે, તેમાંના કેટલાક આ રહ્યા : ૐ શિવાય નમ:, ૐ નમો નારાયણાય, ૐ શ્રી કૃષ્ણાય નમ:, ૐ નમ: રામાય, હરિ ૐ તત્ સત્, ૐ સિદ્ધાય નમ:, ૐ સર્વજ્ઞાય નમ:,

ૐ પાર્શ્વનાથાય નમઃ, ૐ મહાવીરાય નમઃ, ૐ ઋષભદેવાય નમઃ, ૐ અર્હં નમઃ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ, સહજાત્મસ્વરૂપ સ્વામી, ૐ અરિહંત જય અરિહંત, ૐ ગુરુ દેવાય નમઃ, ૐ ગુરુ શ્રીગુરુ, ૐ શાંતિઃ.

કોઈ વખત સ્મરણમંત્રની પસંદગી સંબંધી મનભેદ થાય છે, ત્યારે કોઈ પોતાની દૃષ્ટિએ ન્યાયયુક્ત એવો અભિપ્રાય વ્યક્ત કરતાં કહે છે કે સહુ પોતાની માન્યતા મુજબનો મંત્ર સ્મરણમાં લે એ સારું છે. સરળ દેખાતો આ ભાવ દોષવાળો છે. ભિન્ન ભિન્ન ભાવવાળાં મંત્રવચનોના રટણથી ઉત્પન્ન થતાં આંદોલનો પણ જુદા જુદા પ્રકારનાં હોય છે અને તેથી પરસ્પર ટકરાય છે, ધકેલાય છે, કારણ કે અબાધિત નિયમ એ છે કે જ્યાં સમાનતા છે, ત્યાં આકર્ષણ છે અને જ્યાં અસમાનતા છે

ત્યાં અપાકર્ષણ છે. આ કારણે જુદા જુદા મંત્રોનું સ્મરણ કરવામાં આવે તો તે ધારણા પ્રમાણે લાભપ્રદ થઈ શકતું નથી. અમને લાગે છે કે આ વાત અગત્યની સમજી ધ્યાનમાં રાખવા યોગ્ય છે. કોઈ સ્થળે એકાંત પકડીને આગ્રહી ન થવું જોઈએ.

બીજી બાજુ જ્યારે સહુ એક જ મંત્રનું પવિત્ર સ્મરણ દિલના વિશુદ્ધ ભાવથી કરતા હોય છે તે વખતે વચનભાવની એકરૂપતા અને સમાનતા હોવાને લીધે તે થકી ઉત્પન્ન થતાં પરમાણુઓ પરસ્પર આકર્ષાઈ ઘટ અને શક્તિ-સંપન્ન નિયમથી બની જાય છે અને હવામાં પ્રસરતાં તેનાં આંદોલનોની ઊજળી અને પ્રભાવશાળી અસરના ગ્રહણથી દર્દી સહિત સર્વ હાજર રહેલી વ્યક્તિઓને લાભ જ થાય છે. આ અતિ ઉપકારી નિયમનો ઉપયોગ કરી

લાભ લેવા ભારપૂર્વક જણાવતાં અમારું ચિત્ત પ્રસન્નતા અનુભવે છે.

## યોગ્ય સમયે ઉપચારવિધિ બંધ કરાવવી આવશ્યક છે.

પૂર્વે આ પ્રશ્ન સંબંધમાં અંગુલિનિર્દેશ સમાન સામાન્ય ચેતવણીરૂપ વિચાર જણાવવામાં આવ્યો છે કે દર્દીના દર્દની ગંભીરતા-કટોકટી-ભરી સ્થિતિમાં પહોંચી જાય, તેમાંથી બચવાની આશા નષ્ટપ્રાયઃ થઈ જાય, સ્વજનો અને કુટુંબીજનોના અંતરમાં મૃત્યુભય સમીપ છે એવાં સ્પષ્ટ એંધાણનું પ્રાકટ્ય થઈ જાય અને ન સ્વીકારવા છતાં દાક્તરોના અભિપ્રાય અને વલણ નિરાશાને પંથે વળતાં જણાય, ત્યારે દર્દીના હિતને અર્થે, તેના સુખને અર્થે અને તેની શાંતિને અર્થે દયાળુ અને પ્રેમાળ સ્વજનોએ નૈતિક હિંમત બળપૂર્વક એકાત્રત

કરી, પ્રભુજી પાસેથી જોઈતી શક્તિનું દાન મેળવી આકરા ઉપચાર બંધ કરાવવાનો અખંડ નિશ્ચય કરવો, અને તેને અમલમાં પણ મૂકવો. એમ કરવામાં લોકભય, અપકીર્તિભય, પ્રતિષ્ઠા-ભય, લોભી ગણાવારૂપ લજ્જાભય એવા કોઈ પણ પ્રકારના ભયના ભાવથી પર રહેવાનો નિર્ણય અચળ રાખવો, કેમકે લોકસમુદાય કોઈ ભલો થવાનો નથી અને આખોય લોક બેધારી તરવાર ચલાવવાની પ્રકૃતિવાળો છે એમ વિવેકથી સમજી જે સર્વ પ્રકારે હિતરૂપ છે, તે નીડરપણે કરી આત્મસંતોષ લેવો. દર્દીની સામાન્ય તકલીફો, જેવી કે શ્વાસ લેવાની, પીડા કે દુઃખાવાની કે બીજી કોઈ એવી હોય તેના ઉપાયોને બાદ કરતાં, અન્ય ઉપચારો ચાલુ રાખવા માટે દાકતરી સલાહ આગ્રહપૂર્વક થતી હોય તોપણ તે સલાહની ઉપરવટ

જઈ તેને અમાન્ય રાખવાનો નિશ્ચય કાયમ રાખવો જોઈએ. દાકતર મહાશયને અત્યંત વિનયપૂર્વક જણાવવું કે, "મહાશય, આપનો અમારા ઉપર અતિ ઉપકાર થયો છે. આપે સંભાળપૂર્વકની કાળજીથી દર્દીને ઔષધાદિ ઉપચારથી સેવા આપીને અમને પૂરતો સંતોષ આપ્યો છે અને દર્દની નિવૃત્તિ અર્થે આપે બની શકે તેટલા પ્રયત્ન કર્યા છે. તે સર્વની નિષ્ફળતા થઈ છે અને હવે વિશેષ સાધનનો ઉપયોગ કરવાનું શેષ રહ્યું નથી. તેથી ભવિષ્ય કુદરતના હાથ ઉપર છોડી દેવું અથવા ઈશ્વર પર શ્રદ્ધા રાખી તેમના હાથમાં સોંપી દેવું એવો અમારો નિર્ણય આપને જણાવીએ છીએ. અયોગ્ય જણાતું હોય તો અમને માફી આપશો." દાક્તર સાહેબ મને કે કમને માની જશે અને દર્દી કવેળાની હેરાન-

ગતિથી કે પજવણીથી બચી જઈ અંતકાળ સુધી શાંતિમાં રહી શકશે. અહીંયાં આમ કરવામાં જ માનવધર્મની ઉત્તમતા રહી છે. આ જગ્યાએ જ તેની મીઠાશનું દૃષ્ટાંત મળી જાય છે અને આ સ્થળે જ દયાની શક્તિનું પ્રભુત્વ સાચા સ્વરૂપે અનુભવગમ્ય થાય છે.

આ તો નિશ્ચયરૂપ, સ્પષ્ટ અને ચોક્કસ વાત છે કે આયુષ્યકાળ નિમિત્ત છે. તેમાં ઘટાડો કે વધારો ઔષધાદિ ઉપચારના પ્રયોગથી કરી શકાતો નથી. આયુષ્યનો અંત જે નિમિત્તથી થવાનો હોય, તે નિમિત્ત અંતકાળે અવશ્ય મળી રહે છે અને જીવનનો અંત આવી આત્મા દેહથી છૂટો પડે છે. ક્યારેક કહેવામાં આવે છે કે નવી શોધાયેલી અમુક ગોળી અથવા ઇન્જેકશન આપવાથી દર્દીનું આયુષ્ય થોડા કલાક અથવા દિવસ સુધી લંબાવાની

શકયતા છે. વાત આકર્ષક અને લોભાવનારી દેખાતી હોવાથી ઘણું કરીને દુર્લભ અથવા અતિ પરિશ્રમે સુલભ થવા યોગ્ય, એ દવાની પ્રાપ્તિ માટે આકાશપાતાળ એક કરવા જેટલો ઉદ્યમ સેવવામાં આવે છે, ભાગ્યયોગે દવા મળે છે અને તેના ઉપયોગ દાક્તર સાહેબ કરે છે, છતાં પરિણામ નિષ્ફળતામાં જાય છે. વિવેકથી જો વિચારમાં આવે તો જણાશે કે આવી કોઈ પ્રકારની આશા સેવવી એ હાસ્યાસ્પદ જેવું છે, એટલું જ નહિ પણ વિવેકહીનતા દર્શાવનારી ઠગારી આશાનું આબેહૂબ પ્રતિબિંબ છે.

છેલ્લી ઘડીના અંતકાળ સુધી થતા સતત દાકતરી ઉપચારો સંબંધી અમે ઘણું સાંભળ્યું છે અને કેટલાક દર્દીઓના કેઇસ જોયા પણ છે, અને તે કરુણ પ્રસંગે અમારું

હૃદય દુઃખાર્દ્ર થઈ રડી ઊઠ્યું હતું તે અમારી સ્મૃતિમાં આજે પણ તાજું છે. કેટલાક પ્રસંગો એવા બળવાન હોય છે કે તેથી ઊંડી છાપ હૃદયપટ પર કદી ભૂંસાય નહિ એ રીતે કોતરાઈ જાય છે અને તેને યાદ કરતાં જ તે સ્મૃતિમાં તાદૃશ્ય થાય છે. મૃત્યુકાળ પર્યંતની ઉપચારોની કરુણ કથાના વાસ્તવિક જીવનમાંથી લીધેલા ત્રણેક પ્રસંગો સત્ય ઘટનારૂપે અહીં આપવાની વૃત્તિ અમે રોકી શકતા નથી. જે વિષયની વાત ચાલે છે તે સંબંધની હકીકત વાંચકવૃંદમાંથી લગભગ બધાએ જાણી હશે અથવા જોઈ હશે એવી અમારી ખાતરી છે, કેમકે એ વાત વારંવાર અનુભવમાં આવતી હોવાથી ગુપ્ત કેવી રીતે રહી શકે? એ તો કેવળ નગ્ન સત્યરૂપે પ્રગટ છે.

દૃષ્ટાંત પ્રસંગ પહેલો. થોડાં વર્ષ પહેલાં બનેલી આ ઘટના માત્ર સંક્ષેપે જણાવીએ છીએ. પ્રૌઢાવસ્થા વીતી ગયેલા એવા એક સરળ અને નિખાલસ સ્વભાવના પુરુષને હરસની શસ્ત્રક્રિયા કરાવવા માટે શહેરના કિલનિકમાં દાખલ કરવામાં આવ્યા. મુકરર સમયે સર્જન દાકતરે સફળતાપૂર્વક ઓપરેશન કર્યું, ત્યારબાદ કોઈ તકલીફ નહોતી, વ્યાધિની કોઈ વિશેષ વેદના નહોતી અને પ્રભુકૃપાએ બધું સરસ રીતે નિરુપાધિમય સ્થિતિ તરફ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું હતું. સ્વજનો અને સ્નેહીસંબંધીઓના સંતોષનો કોઈ પાર નહોતો. જોતજોતામાં દર્દીને રજા આપવાનો શુભ દિવસ તદ્દન સમીપ આવી પહોંચ્યો અને ભાગ્યયોગે કરુણતા એ થઈ કે

જે દિવસે રજા આપવાની હતી અને હેમખેમ હોંશથી ઘેર જવાનું હતું, તે જ દિ'ની વહેલી સવારે આ સરળસ્વભાવી પુરુષને હૃદયરોગનો એકાએક આકરો હુમલો આવ્યો અને તેઓ તે રોગની વિષમ પીડામાં સપડાઈ ગયા. સેવા-સારવાર અર્થે રહેલા તેમનાં લઘુ બંધુ અને ધર્મપત્ની અચાનક આવી પડેલી ગંભીર સ્થિતિ જોઈ ગભરાઈ ગયાં. ક્લિનિકના સ્થાનિક ડૉકટરને બોલાવવામાં આવ્યા અને તેમણે હૃદય મસાજ કરવાની હલબલાવી નાખે એવી વિધિ શરૂ કરી. ત્યાં જ સર્જન ડૉકટરને બીજા દર્દીના નિમિત્તે આવવાનું બન્યું હતું તેથી તેઓ પણ હાજર થયા. બન્ને ડૉકટરોએ સાથે મળીને જ મસાજવિધિ કરી, તેમાં દર્દીને કેટલું કષ્ટ પહોંચ્યું હશે તેનો

અંદાજ નજરે જોનાર કાઢી શકે છે. તે મસાજના પ્રયોગનું વર્ણન કરવા અમારી કલમ બળવો પોકારી ના કહે છે અને દર્દીની વિકટ અને વિષમ હાલત દર્શાવતી કથની કહેવા માટે અમારું નરમ હૈયું ના પાડે છે. તે વિધિ કરતાં લગભગ દશ મિનિટ વ્યતીત થઈ ત્યારે દર્દીની આંખના ડોળા ઊંચા ચડી ગયા, મોઢું ખુલ્લું થઈ ફાટી ગયું. અને અતિ પરિશ્રમ પડચો હોઈ તેના થાક અને ભારથી છેલ્લો શ્વાસ છૂટી ગયો, અર્થાત્ દેહ છૂટી ગયો. છેવટની મહેનત માથે પડી અને તેમાંથી ચેતાવનાર બોધ તે ઊપસીને બહાર આવ્યો. એ બોધને અનુસરવામાં આવે તો કેટલો લાભ થાય !

દૃષ્ટાંત પ્રસંગ બીજો. ઈ. સ. ૧૯૮૦ની

સાલમાં બનવા પામેલી આ સત્ય વાત છે. એમ. ડી. થયેલા એક પ્રતિષ્ઠિત કન્સલટન્ટ ડૉકટરના જીવનના અંતકાળનું ટૂંકું વૃત્તાંત અહીં આપીએ છીએ. તેઓનો જન્મ સંસ્કારી અને સુશિક્ષિત કુટુંબમાં થયો હતો અને કુટુંબના સર્વ સભ્યો જાતમહેનત કરી, પરિશ્રમ વેઠવામાં પાછી પાની કર્યા વગર, ખંત તથા ઉત્સાહથી ઉદ્યમી થઈ વ્યવહારની વિવિધ સુવિધાઓના સ્વામી બનતા જતા હતા. ડૉકટર સાહેબ પણ પોતાના ક્ષેત્રે સફળતાનાં ઊંચાં સોપાન ચડતા ગયા હતા અને પરિણામે આવી સદ્ધરતા, સંપત્તિની વૈભવતા તથા પ્રતિષ્ઠાની મોહકતાને તેઓ પામી શકચા હતા. કહેવું ઘટે છે કે તેઓ સ્વભાવે સીધા, સરળ અને સૌમ્ય હતા. તેમનામાં તૃષ્ણાના વેગ મંદ હોઈ સંતોષી હતા.

દર્દીઓને ખોટી સલાહ આપી ખર્ચમાં ઉતારવા સામે તેઓ અત્યંત સાવધ રહેતા; ઉપયોગી અને લાભ થાય તેવી હિતકારી સલાહ-સૂચન કરવામાં તેમની વૃત્તિ સતત પ્રેરાયેલી રહેતી. આ ગુણોને લીધે વિખ્યાતિ સ્વયં સામે આવીને તેમને પ્રેમથી ભેટી ચૂકી હતી. તેઓ દાક્તરોના ઝળકતા સમુદાય વચ્ચે ઝળકતા હતા.

દાક્તર હો કે દર્દી હો, રાજા હો કે રંક હો, સર્વને પોતપોતાનાં કર્મનાં ફળ ઉદય આવ્યે ભોગવવાં પડે છે, તેમાંથી છૂટકારો થવો કેવળ અસંભવ છે. કર્મોના ઉદય સામે કોઈની લાગવગ કે સિફારસ, સત્તા કે ડહાપણ, લાંચ કે રુશવત કાર્યકારી થઈ શકતાં નથી. લગભગ ઉલ્કાપાત મચાવી દે એવા અશાતા વેદનીય કર્મનો ઝપાટાવાળો એકાએક ઉદય

આ સૌમ્યસ્વભાવી દાક્તર સાહેબના જીવનના પંચાવન કે સત્તાવનમા વર્ષે બની ગયો, તે પ્રસંગ પર હવે આવીએ છીએ. એક દિવસ તેમને છાતીમાં દુઃખવા આવ્યું. પોતે દાક્તર એટલે થોડી જ વારમાં તેમના અનુભવી ચિત્તમાં દર્દનું નિદાન નિઃશંકપણે આવી ગયું. નિષ્ણાત દાક્તરોએ તેમને આધુનિક ઉત્તમ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા અને શસ્ત્રક્રિયાથી પેસ-મેકર મૂકવામાં આવ્યું. પરંતુ તેનું ધારેલું ફળ મળ્યું નહિ; બીજા દિવસે દર્દનો વધારો થયો અને સંબંધિત બીજાં દર્દોનો પણ ધસારો વેગપૂર્વકની ગતિએ થવાથી ડૉકટરોની મૂંઝવણનો કોઈ પાર રહ્યો નહીં. સર્જનો અને ચિકિત્સકોની કોન્ફરન્સ બોલાવવામાં આવી અને ઉપચાર અર્થે શું

કરવા યોગ્ય છે તેની બુદ્ધિપૂર્વકની ચર્ચા કરવામાં આવી. મતભેદોના સમાધાનને અંતે ઇન્જેક્શન વગેરે સારવારનો જે ક્રમ નિર્ણીત કરવામાં આવ્યો તેનો વફાદારીપૂર્વકનો અમલ તત્કાળ શરૂ થયો. છેલ્લી શોધ મુજબનાં ઇંકજેશનો મુશ્કેલીથી પણ મેળવવામાં આવ્યાં અને ઉપયોગમાં લીધાં. દર અર્ધા કલાકે બ્લડ-પ્રેસર માપવામાં આવતું તથા નાડીના ધબકારા માપવામાં આવતા હતા. તે વેળાએ જો કંઈ ભયસૂચક જણાય તો તેનો ઉપાય ભય ટાળવા માટે હાજર જ હોય છે અને સહસા તે ઉપચાર લેવામાં આવે છે એ સિદ્ધાંત પ્રમાણે થતું હતું. દાકતરોની સતત કાળજી અને સંભાળ-ભરી ઉપચારવિધિ કરવા છતાં સુધારાનાં કોઈ ચિહ્ન દેખાયાં નહિ, ઊલટું રોગના હુમલાઓ

ઉપરાઉપરી આવવા લાગ્યા અને દર્દીને ગંભીર હાલતમાં મૂકતા ગયા. ત્રીજા દિવસની સવાર પડી. દર્દની ગંભીરતા વધતી જતી હતી. દર્દીની શારીરિક શક્તિ વિશેષ પ્રમાણમાં ઘટતી જતી હતી. ડાક્તરો ચિંતામાં પડી ગયા હતા. તે દિવસે સવારના દસ વાગ્યે સર્જનો અને ફિઝિશિયનો મસલત માટે ભેળા થયા અને સારવાર સંબંધી ચર્ચાવિચારણાનો ફરી આરંભ કર્યો. તે વખતે એક પ્રતિષ્ઠિત સર્જન ડાક્તર સાહેબે બીજા ડોકટરોની સમક્ષ પોતાનો અંગત પ્રમાણિક અભિપ્રાય જાહેર કરતાં હિંમતથી કહ્યું કે "હવે આપણે કંઈ કરવા જેવું નથી. દર્દી ડાક્તરસાહેબ બચી જાય એવી કોઈ આશા રહી જાય એમ મારું માનવું થતું નથી. કુદરત પર છોડી દેવું એ ઉત્તમ

માર્ગ છે.” આ અભિપ્રાય સર્વમાન્ય ન થઈ શક્યો અને ન થાય તે સમજાય તેવું છે. અમને તેમની મૂલ્યવંતી અને ઉપકારભૂત પ્રમાણિક સલાહ માટે બહુમાન થયું અને મનોમન તેમની પ્રશંસા કરી પ્રભુજીનો પાડ માન્યો કે “તેં પ્રેરણા કરી ને તે સર્જન દાક્તરે તેમનો સત્ય અભિપ્રાય વ્યક્ત કર્યો તે ઠીક જ થયું છે.”

ત્યાર પછી બીજા દાક્તરોના અભિપ્રાય મુજબની વિશેષ આકરી સારવાર શરૂ કરવામાં આવી. વારંવાર ઇન્જેકશનો આપવાનું, બ્લડ-પ્રેસર તથા નાડીના ધબકારા માપવાનું, હૃદયની હાલત તપાસવાનું ચાલુ જ હતું. દર્દીને થોડો વખત પણ શાંતિમાં સુખરૂપ રહેવાની ઇચ્છા હોય તો પણ ન રહી શકાય

તેવી ઉપચારવિધિ ચાલુ હતી. કદાચ આથી આ સૌમ્ય સ્વભાવી દર્દી દાક્તર સાહેબ થાકી ગયા હોય, કંટાળ્યા હોય તેમ તેઓએ અન્ય માર્ગ ગ્રહણ કર્યો. તેઓએ શુદ્ધિમાં ન રહેવાનું પસંદ કર્યું હોય એમ લાગે કેમ કે તે ત્રીજા દિવસના મધ્યાહ્નથી બેશુદ્ધિમાં ગયા હતા ને અંતકાળ સુધી રહ્યા હતા, એવી બેશુદ્ધિમાં પણ બધી જ આધુનિક ઊંચી સારવાર, આકરી સારવાર ચાલુ જ હતી. દિવસના વધવા સાથે દર્દીની ગંભીર હાલત વધે છે અને ભારે કટોકટીનો સમય હવે સમીપ જ છે એવાં એંધાણ સ્પષ્ટપણે દેખાતાં હતાં. અમારા સ્નેહી દાક્તર-મિત્ર પણ તે વખતે હૉસ્પિટલમાં હાજર હતા. સાંજના સાડા સાત વાગ્યે તેઓ ઘેર આવ્યા ત્યારે તેઓએ અમને દર્દીની અત્યંત વિકટ

સ્થિતિની જાણ કરી અને ઉમેર્યું કે 'ઉપચારના આધુનિક ક્ષેત્રે જેટલું શકય છે તેટલું બધું જ કરવામાં આવ્યું છે અને કંઈ બાકી રાખ્યું નથી એ પૂર્ણ સંતોષની વાત છે." અમે મૌનપણે સાંભળી લીધું.

બાદ એકાદ કલાક વીત્યો હશે ત્યાં ડાકતર સાહેબના દેહત્યાગના ખેદકારક સમાચાર મળ્યા. તેમનો આત્મા દેહથી છૂટો પડી અન્ય અજ્ઞાત સ્થળે પ્રયાણ કરી ગયો. સર્વ સાથે ઋણાનુબંધનો ઉદય પૂર્ણ થતાં તેમના દેહપિંજરમાંથી હંસ ઊડી ગયો અને જે સ્થળે તેવા ઉદયને વેદવાનો યોગ હતો, તે સ્થળે તે પહોંચી ગયો. સવારના સમયે પ્રતિષ્ઠિત સર્જન ડાકતર સાહેબે જે સલૂણી સુંદર સલાહ આપી હતી તે કેવી યોગ્ય હતી ! તે સલાહ પ્રમાણે વર્તાવ થયો

હોત તો કેવું સારું ગણાત! કેમ કે છેલ્લા અવસરની વાત અમને કહેવામાં આવી ત્યાં દર્દીને છેલ્લા પ્રયાસરૂપે એક મોટું ઇંજેક્શન આપવામાં આવ્યું અને સોય કાઢી નથી એટલામાં જ તેમનો દેહ છૂટી ગયો. આ એક ભાગ્યની અત્યંત વિચિત્રતા ન ગણાય? વિધાતાની ક્રૂર મશ્કરી ન લેખાય? મનુષ્યના મદને નીચે ને નીચે ઉતારનાર કુદરતનો બોધપ્રદ ફટકો ન કહી શકાય? જે હો તે હો, પણ આવા પ્રસંગો અને બનાવો બોધ આપી જાય છે કે મૃત્યુ અનિવાર્ય છે અને અંતકાળનાં ચિહ્નો સામાન્ય બુદ્ધિવાળાને પણ દૃષ્ટિગોચર થાય છે એ નક્કર હકીકત છે.

દૃષ્ટાંત પ્રસંગ ત્રીજો. આ સત્ય ઘટનાનો પ્રસંગ ઈ. સ. ૧૯૮૦ની સાલમાં બનવા

પામેલ હતો. એક અધ્યાત્મપ્રેમી અને સદ્ધર્મઆરાધક વયોવૃદ્ધ બહેનના સુખદ અંતકાળની રસિક કથા જેમ બની તેમ રજૂ કરીએ છીએ. તેમના દીર્ઘ જીવન દરમિયાન આ નીડરસ્વભાવી બહેને ઘણી લીલીસૂકી જોઈ હતી; જેમ પૂર્વકર્મોનાં ફળસ્વરૂપ થપાટો ખાધી હતી તેમ તેનાં મીઠાં અને મધુરાં ફળનો આસ્વાદ પણ તેમણે લીધો હતો. સાંસારિક સુખદુઃખનાં ચક્રોને અનુભવતા એ કુશળ અને વિચક્ષણ બહેને તેમાંથી ઉત્તમ વૈરાગ્યબોધ ગ્રહણ કર્યો હતો અને અજર, અમર તથા અવિનાશી એવા ચૈતન્યસ્વરૂપ આત્માની શુદ્ધતા પ્રાપ્ત કરવા અર્થે કલ્યાણકારી પુરુષાર્થ નિજ ઉલ્લસિત ભાવથી ઉપાડચો હતો. તેમાં તેઓ સફળતાના માર્ગે આગળ વધી રહ્યાં હતાં. આમ તેમને ધર્મશ્રદ્ધા, ધર્મ-

રુચિ અને ધર્માંરાધનનું ઉપયોગી અને ઉપકારી પીઠબળ હોવાને કારણે તેઓ વારંવારની કસોટીપૂર્ણ માંદગીઓમાં પોતાનું અતુલ શૂરવીરપણું બતાવી શકયાં હતાં. નિરાશા કે નાહિંમત તેમની પાસે જઈ તેમને ડરાવી શકતી નહોતી. શારીરિક વ્યાધિઓને કારણે તેમને ચારેક વખત હોસ્પિટલમાં દર્દની સારવાર માટે જવું પડયું હતું અને પ્રત્યેક વખતે થતી આકરી સારવાર તથા સેવાથી તેમનો સરળ આત્મા દુઃખાર્ત્ત થઈ જતો હતો. એવા કષ્ટરૂપ અનુભવથી તેમનો આત્મા અંદરમાં ગુપ્તપણે દઢ નિશ્ચયમાં આવતો હતો કે "હવે પછી પ્રભુજીની કૃપાવૃષ્ટિ એવી સતત વરસો કે હૉસ્પિટલનાં દ્વાર જોવાનો વખત ન આવે અને જ્યારે દેહ છૂટવાનો મંગલ અવસર

આવે ત્યારે દેહની સ્થિતિ પોતાના રહેવાના આવાસમાં જ હો.” અંતરંગમાં હોંશથી વાગોળેલ આ તેમના હૃદયનો ભાવ આખરે તેમણે તેમના પુત્રોને પણ જણાવ્યો અને વધુમાં ઉમેર્યું કે “હવે પછીના ભવિષ્યકાળમાં માંદગીનો ઉદય ગમે તે પ્રકારનો ભલે હો પરંતુ તમારે આ દેહને હોસ્પિટલમાં લઈ જવો નહિ. જે કંઈ યોગ્ય સારવારની આવશ્યકતા હોય તે ઘેર બેઠાં જ કરવાની છે. આ મારી પ્રબળ અંતરેચ્છા છે તેનું વિસ્મરણ કરશો નહિ, તેનું અવશ્ય પાલન કરશો. તેમ કરશો તેથી મારો આત્મા સંતુષ્ટ રહી પ્રસન્નતા અનુભવશે.”

વાત્સલ્યમૂર્તિ સમાં પ્રેમાળ અને પવિત્રહૃદયી માતુશ્રીનાં આ આદેશવચનો સાંભળીને પુત્રો કોઈ અપેક્ષાએ વિમાસણમાં પડ્યા અને

તત્કાળ થોડી વિટંબણા પણ ભોગવી. ભાવિ ભર્યા નાળિયેર જેવું છે, તે કેવું નીકળશે તે કલ્પનાતીત છે. કદાચ ભાવિમાં માતુશ્રીની માંદગીનો ઉદય તેમને હોસ્પિટલમાં લઈ જવાની ફરજરૂપ આવે તો! તે કેવું ધર્મ-સંકટ ગણાય? એવી આશંકા અને શંકાથી પુત્રોનું ચિત્ત ઘડીભર તો ઘેરાઈ ગયું અને હોવા છતાં અંધકાર છવાઈ ગયો હોય તેવું ગમગીન વાતાવરણ ફેલાઈ ગયું. પરંતુ ઈશ્વરાનુગ્રહે તેવી મૂંઝવણ ભરેલી વિકટ પરિસ્થિતિ લાંબો સમય ટકી નહીં. જેમ આકાશમાં એકાએક વીજળી ઝબૂકે છે તેમ જયેષ્ઠ પુત્રના કોમળ હ્રદયમાં અગમ્યપણે આશાનું એક પ્રકાશિત કિરણ ઝબૂકી ઊઠયું, નિરાશાનાં વાદળ દૂર થયાં અને ચિત્તભૂમિ

નવપલ્લવિત બની ગઈ. પરંતુ શાથી આમ બન્યું? કયો સુવિચાર ઉપકારભૂત નીવડ્યો? પુત્રના અંતરમાં સ્ફુરણા થઈ આવી કે "પ્રભુ-પ્રેમી માનું હૃદય પવિત્ર જ હોય અને તેથી તેમાંથી નીકળેલાં વચનો પણ પરમ વિશ્વસનીય હોય, તો પછી કોઈ શંકા કેવી રીતે નભી શકે? માતુશ્રીનું વચન છે, તો તેમને હૉસ્પિટલમાં ખસેડવાં પડે તેવી માંદગી કદાપિ નહિ જ આવે, નહીં જ આવે." પુત્રમાં શ્રદ્ધાનું બળ અત્યંત વધી ગયું અને માતાનો આદેશ શિરસાવંદ્ય ગણી તેનું પાલન કરવાનો નિર્ણય કર્યો.

આખરે એક દિવસે કસોટીકાળ આવી પહોંચ્યો. ઉંમરની નબળાઈને લીધે તથા નાની નાની વ્યાધિને કારણે એ વયોવૃદ્ધ બહેન

પથારીવશ સ્થિતિનાં તો હતાં જ, તેવામાં એકાએક બપોરના સમય પછી તેમને પેટનો સખત દુઃખાવો શરૂ થયો. ફેમિલી ડાક્તરને બોલાવવામાં આવ્યા; તેમણે નિદાન કરી ઉપચારનો તરત આરંભ કર્યો. દર્દનો વેગ ઘોડાપૂર જેવો હતો તેથી ઉપાય કાર્યકારી ન થતાં નિષ્ફળ જવા લાગ્યા. શસ્ત્રક્રિયાનો કેઈસ નહોતો છતાં કુટુંબના સર્જન ડોકટરમાં ઘણી શ્રદ્ધા હોવાથી તેમને દર્દીને તપાસવા માટે બોલાવવામાં આવ્યા. તેમના થકી દવાઓ સંબંધી જે કેટલીક સૂચનાઓ મળી તે સર્વને ઉપયોગમાં લીધી; પરંતુ ફાયદાનાં કોઈ ચિહ્ન નજરે પડચાં નહિ. બીજા દિવસે પણ દર્દની સ્થિતિ તેમ જ હતી. દર્દીને પૂછતાં તેઓ શાંતભાવે ઉત્તર વાળતાં કે "અનંતી પીડા

છે. વીસ-પચ્ચીસ અણીદાર સૂયા પેટમાં ખોસતાં જે પીડા થાય, તેટલી પીડા છે. પણ પ્રભુના નામસ્મરણના અમોઘ ઉપાયથી અને તેમની સહાયથી વેદનાનું બળ અવારનવાર તૂટતું અનુભવાય છે. આથી આત્મામાં સમતા અને શાંતિનું પ્રધાનપણું રહ્યા કરે છે એ માટે મારા ભગવાનનો પરમ ઉપકાર માનું છું.” તેઓએ આ વચનો નબળાઈને લીધે ધીમે સાદે અને ધીમી ગતિએ કહ્યાં હતાં. કલાકો વીતતા જાય છે તેમ દર્દીની ગભીર હાલત પણ વધતી જાય છે. દાકતરો શરીર તપાસ્યા કરે છે પણ સુધારાનાં એંધાણ દેખાતાં નથી. દર્દીને તથા તેમના સ્વજનોને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો છે કે આ દેહ હવે ટકવાનો નથી. દિવસના મોટા ભાગનો સમય તેમને પ્રભુસ્મરણ

સંભળાવવામાં ગાળવામાં આવ્યો અને વચ્ચે વચ્ચે તેઓ પોતે પણ ઉત્સાહમાં આવી જઈ પ્રભુનામસ્મરણમાં જોડાતાં હતાં, તે વેળાએ તેમના કોમળ વદન પર તેજની રેખાઓ અંકિત થતી હતી. ચિદ્દકાંતિસ્વરૂપ ચૈતન્યાત્મા પોતાના પ્રભાવ આવા ઉચિત કાળે બતાવ્યા વિના કેમ રહી શકે ? ન બતાવે તો જ આશ્ચર્ય ગણાય.

સર્વ પરિવાર કુટુંબીજનો અને સ્નેહીજનો એ ભાગ્યવંત બહેનની સારવાર અને સેવા માટે હાજર છે. ધીમે ધીમે દર્દીના શરીરની શક્તિ ઘટતી જાય છે, નાડીના ધબકારા ધીમા પડતા જાય છે, શ્વાસોશ્વાસની ગતિ મંદ થતી જાય છે, દર્દી પૂરેપૂરી શુદ્ધિમાં છે; ક્યારેક આંખ ઉઘાડીને પાછી મીંચી દે છે. અંતકાળની

સમીપતા દર્શાવતાં આ ચિહ્નો પ્રગટ થયાં પહેલાં જ ફેમિલી દાક્તર સાહેબ આવીને કેટલીક સૂચનાઓ નર્સને આપતા ગયા હતા. તેમાંની એક સૂચના હતી સર્જન દાક્તર સાહેબના આદેશ મુજબ દર્દીને લોહી ચડાવવાની. હવે યોગાનુયોગ એવું બન્યું કે દર્દીના એક સગા જેઓ વીસ વર્ષનાં અનુભવી સ્ત્રી દાક્તર હતાં, તેમની દર્દી પાસે સેવા અર્થે સવારથી હાજરી હતી; તેમણે દર્દીનાં અંત સમયનાં ચિહ્નો પારખી લીધાં અને ફેમિલી દાક્તરને વર્તમાન ગંભીર પરિસ્થિતિની જાણ ફોન દ્વારા કરી અને વધુમાં જણાવ્યું કે આ અવસ્થાએ લોહી દેવાનું કે કંઈ અન્ય કરવાનું યોગ્ય નથી, કંઈ ન કરવું એવો અભિપ્રાય આપ્યો. તેના ઉત્તરમાં દર્દના છેલ્લા તંતુ સુધી

લડી લેવાની ભાવનાથી ડૉકટરે જણાવ્યું કે "ફાયદો થવાનો સંભવ છે, તો તેમ કરવામાં શો વાંધો ? સર્જન સાહેબના આદેશ મુજબ નર્સને લોહી ચડાવવાનું કહેશો." આ બાબત ઘરમાં થોડી ચર્ચા થઈ, જ્યેષ્ઠ પુત્રે આશાતંતુના તાંતણે બંધાઈ પોતાની આગ્રહપૂર્વકની ઇચ્છા અને સંમતિ વ્યક્ત કર્યાં. પરિણામે ઘરના સહુએ અલ્પેચ્છાથી રજા આપી. તેમના અભિપ્રાયે વર્તમાન ઉપચાર દર્દીની પરિસ્થિતિને સુસંગત નહોતો. છતાં મુખ્ય વ્યક્તિઓના માનાર્થે સંમતિ અપાઈ. નર્સ તે કાર્યની તૈયારીમાં પડી. લોહી ચડાવવાની ક્રિયાનો આરંભ થયો. લોહીનાં બે કે ત્રણ ટીપાં માંડ ચડયાં હશે, તેવામાં આ પ્રક્રિયાનો સામનો

કરતો એ વૃદ્ધ બહેનનો આત્મા દેહથી છૂટો પડ્યો. અંતકાળના બાહ્ય ઉપચારનો સામનો કરતો તેમનો આત્મા શાંતિ માટે કટિબદ્ધ થઈ સંસિદ્ધિને વર્યો.

આત્મ પ્રત્યયી બહેનની આત્મભાવના ઓળખનાર સરળ ડૉક્ટરનો અભિપ્રાય સત્ય નીવડ્યો. ધર્મપ્રેમી અને ધર્મારાધક બહેનનો શાંત આત્મા ધર્મભાવમાં રહીને દેહત્યાગ કરી ગયો, અને સહુને આત્મભાવમાં આવવાની તથા રહેવાની ઊંચી પ્રેરણા વારસામાં મૂકતો ગયો. ધન્ય હો એ ચૈતન્યસ્વરૂપ અવિનાશી આત્માને!!

# છેલ્લી ઘડીના અવસરે....

હવે આપણે દેહજીવનના અંતના એક અતિ મહત્ત્વના અને અગત્યના પ્રસંગની વાત અને વિધિ પર આવીએ છીએ. આ પ્રસંગ અનિવાર્ય છે, તેમાંથી કોઈ પ્રકારે છટકી શકાય તેમ નથી. રાજા હો કે રંક હો, જ્ઞાની હો કે અજ્ઞાની હો, સર્વને તેમાંથી પસાર થવાનું જ છે. છેલ્લી મૃત્યુરૂપ આકરી કસોટીમાંથી જીવ કેવા ભાવ રાખીને પાર ઊતરે છે તેના પર ભવિષ્યના દીર્ઘ કે અલ્પ કાળના સંસાર-ભ્રમણનો આધાર છે. આટલા લેખ ઉપરથી આ અવસરનું અદ્ભુત માહાત્મ્ય છે તે સ્પષ્ટ સમજાવા યોગ્ય છે. આ કસોટી વેળાએ સફળતાથી પાર ઊતરી શકાય તે માટેની પૂર્વતૈયારી કેવી હોવી ઘટે તેનું યથાયોગ્ય

માર્ગદર્શન "સમાધિમરણ" પુસ્તકમાં આપવામાં આવેલ છે. ભાવિ સુખના જિજ્ઞાસુ ભવ્ય જનોએ એ ઉપકારી વચનોના ભાવોને ચિત્તમાં અવધારી ચરિતાર્થ કરવા યોગ્ય છે. અસ્તુ.

માંદગીના છેલ્લે પાટલે બેઠેલા દર્દીની હાલત કેવી ગંભીર અને કટોકટીભરી હોય છે તે નજરે જોનારના અનુભવની વાત છે; ત્યારે દર્દી સભાન અથવા અભાન અવસ્થામાં હોય છે; ભારે કર્મી હોય છે તેનો અંતકાળ ભારે કષ્ટદાયક હોય છે, અંગ-ઉપાંગોનું તણાવું, ખેંચાવું દુઃખરૂપ હોય છે અને દર્દીની દર્દ સામે ટકી રહેવાની નિષ્ફળ લડાઈ ધ્યાન ખેંચે તેવી હોય છે. આ દશ્ય અત્યંત કરુણ ને હૃદય-દ્રાવક હોય એમાં આશ્ચર્ય શું ? જોનાર ધારે તો તે પ્રસંગ પરથી ઉત્તમ બોધપાઠ મેળવી

પોતાના સંબંધે પોતા માટે સાવધાન થઈ શકે છે. કોઈ વખત અંતકાળે હૃદયરોગનો હુમલો એટલો સખત આવે છે કે તેની અગમ્ય પીડાને લીધે દર્દીનો આખો દેહ વેગથી ઉછળે છે, મળમૂત્ર છૂટી જાય છે, આંખો ફાટી જાય છે અને મુખ ઊઘડી મોટું થઈ રહે છે. યુદ્ધની તેવી અવસ્થા થોડી વાર સુધી રહાને પછી થાક અને પરિશ્રમના પરિણામે જીવની જે દેહમાં માયા અને મમતા હતી, તે દેહનો ત્યાગ કરી તે ચાલ્યો જાય છે.

અને જેનાં કર્મ હળવાં હોય છે, તેની છેલ્લી ઘડીનો અવસર શાંતિદાયક, સ્થિતિવાળો અને સંતોષની ઝલક અર્પનાર હોય છે. જેનું સમગ્ર જીવન સરળ, શાંત અને ભદ્ર પરિણામથી વ્યતીત થયું હોય, તેના આયુષ્યની

છેલ્લી ઘડી સ્થિર ને શાંતિવાળા ભાવમાં પસાર થાય છે, કદાપિ ઉદયગત દેહવ્યાધિની પીડા હોય તો તે પણ ખૂબ જ ઘટી જાય છે અને ઘણું કરીને વેદના નહિવત્ સ્થિતિમાં મુકાઈ જાય છે. ભાગ્યવંત આવા જીવો સમતાપૂર્વક દેહનો ત્યાગ કરે છે અને પોતાની પાછળ પ્રેરણાનાં પુષ્પોની ખુશબો મૂકતા જાય છે.

હવે આયુષ્યકાળની છેલ્લી ઘડીના અવસરે દર્દીના આત્માના હિતાર્થે શું કરવું જોઈએ એ અત્યંત અગત્યના વિષય પર વિચાર કરીએ. આ વેળાએ જે કંઈ કરવું ઘટે છે તે માત્ર દેહસ્થિત આત્માને ઉપકારી થાય તે જ હોવું જોઈએ, એ સહેજે સમજાય તેવો પ્રકાર છે. દેહમાં રહેલો આત્મા અજર, અમર અને અવિનાશી છે, અટલ અનુભવસ્વરૂપ છે,

જ્ઞાન-દર્શન-ચારિત્રમય છે, અનંત શક્તિનો ધારક છે, અને અનંત ગુણોનો પિંડ છે. તેના એકેક ગુણનો વિસ્તાર અનંત છે. આત્માના ગુણો જ્યારે પૂર્ણતાને પામે છે ત્યારે આત્મા પૂર્ણ મૌનતાને, પૂર્ણ શાંતતાને અથવા કેવળ અનંત શાંત ભાવને ભજે છે. દાખલા તરીકે, આત્મા સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી જાણવાનું કાર્ય બાકી છે અને તેથી શેષ કાર્ય પૂર્ણ કરવા માટેનો પુરુષાર્થ છે; પરંતુ જાણવાનું હતું તે સમસ્ત જાણી લીધું અને કંઈ શેષ ન રહ્યું, ત્યારે કંઈ કરવાપણું ન રહેવાથી પુરુષાર્થની પણ પૂર્ણતા થઈ અને પછી આત્મા કેવળ શાંત ભાવને ભજતો રહે છે તે જ પ્રમાણે આત્મા સર્વદર્શી થતાં જ શાંત થઈ જાય છે અથવા રાગદ્વેષની પરિણતિથી વિમુક્ત

થઈ વીતરાગ દશાને પ્રાપ્ત થતાં આત્મા એક શાંત ભાવમાં જ પરિપૂર્ણતાએ રમણતા કરે છે. આ પ્રમાણે વિચારી જોતાં સર્વ ગુણોનું સર્વોત્કૃષ્ટપણું એટલે મૌનતા અથવા શાંતતા અથવા અત્યંત શાંતપણું અથવા કેવળ નીરવ શાંતિ છે એ વાત લક્ષમાં આવીને પ્રતીતરૂપ જણાશે. જે કંઈ અદ્ભુત આશ્ચર્યકારક અને અલૌકિક માહાત્મ્યનું દર્શક છે તે જ શાંતિનું સ્વરૂપ છે.

કોઈ પણ અતિશયોક્તિરૂપ દોષ વિના કહેવું હોય તો નિશ્ચયથી કહી શકાય કે આત્માના સમસ્ત ગુણો એક સમ્રાટ શાંત ગુણમાં સમાય છે. જ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્રજીનાં અપૂર્વ વચનો અહીં ઉતારીએ છીએ. તેઓ શ્રી ઉપદેશે છે કે :

"શાંતપણું પ્રાપ્ત કરવાથી જ્ઞાન વધે છે."

"આત્મસિદ્ધિ માટે દ્વાદશાંગીનું જ્ઞાન જાણતાં ઘણો વખત જાય, જ્યારે એકમાત્ર શાંતપણું સેવ્યાથી તરત પ્રાપ્ત થાય છે."

"જીવ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે શાંતપણામાં વિચરે તો અંતર્મુહૂર્તમાં મુક્ત થાય છે."

"જ્ઞાનીઓ જો કે વાણિયા જેવા હિસાબી (સૂક્ષ્મપણે શોધન કરી તત્ત્વો સ્વીકારનારા) છે, તોપણ છેવટે લોક જેવા લોક (એક સારભૂત વાત પકડી રાખનાર) થાય છે. અર્થાત્ છેવટે ગમે તેમ થાય તોપણ એક શાંતપણાને ચૂકતા નથી અને આખી દ્વાદશાંગીનો સાર પણ તે જ છે."

નવે રસમાં શાંતરસ ઉત્તમ છે. શાંતરસ એ અમૃતરસ છે. શાંતરસ એટલે રસ શાંત

છે અર્થાત્ મૌન છે. એ અનંત આનંદ મેળવવાનું સાધન છે એટલે આનંદદાયી છે. સર્વ રસોમાં શિરોમણિ સમાન શાંતરસ અપૂર્વ અને અખંડ આત્માનંદનો દ્યોતક છે. એ શાંતરસ સહજ છે, સ્વચ્છ છે, નિર્મળ છે અને પરમ પવિત્ર છે.

"સર્વ મંગલનો નિધાન એવો શાંતરસ જેના હૃદયમાં પ્રાપ્ત થાય તે નિરુપમ સુખને પામે છે અને મુક્તિનું સુખ એકદમ તેના કબજામાં આવી જાય છે. માટે હે વિબુધ જનો! એવા શાંતરસેશ્વરને તપે ભજો, તેને જ સેવો, તેને જ આરાધો, તેને જ ભાવો."

અત્યાર પર્યંતના લેખન પરથી જીવના આયુષ્યની છેલ્લી ઘડીના અવસરે તેના સ્વાત્મ-હિતને અર્થે શું ઉપકારી છે, કલ્યાણરૂપ છે

અથવા શ્રેયસ્કારી છે તે સમજાયું હશે અને તે છે તેના થકી થવાયોગ્ય શાંતિના પરમાણુઓનું ગ્રહણ. તેની માંદગીની પૂર્વ અવસ્થામાં તેને વૈરાગ્યપ્રેરક વચનો, મરણપ્રસંગોની સમતાપ્રેરક સત્યઘટનારૂપ વાતો, મૃત્યુ સંબંધી પ્રકીર્ણ વિચારો, અંતકાળના અંતિમ ઉદ્ગારો વગેરે શ્રવણ કરાવવાથી વિશેષ લાભ થવા યોગ્ય છે. માંદગી આગળ વધતી જણાય ત્યારે દર્દીએ જે ઉપકારી મંત્રનું પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક આરાધન કર્યું હોય, તે મંત્રનું સ્મરણ તેની સમીપ બેસીને તે સાંભળી શકે તેટલા ધીમે સાદે કરવા યોગ્ય છે. તેની ઈચ્છા હોય ત્યારે અને ત્યાં સુધી આ આધ્યાત્મિક પ્રવૃત્તિનું સેવન કરવું વા કરાવવું. દર્દીનો ઉપયોગ સ્થિર રહે અને તેનું ચિત્ત શ્રવણ કે સ્મરણમાં

ચોંટેલું રહે તો તેનો મોટો લાભ તેને સંપ્રાપ્ત થાય છે; જીવની ધર્મશ્રદ્ધા, ધર્મપ્રેમ અને ધર્મરુચિ જેટલાં બળવાન હોય, તેટલા પ્રમાણમાં તેના ચિત્તની એકાગ્રતા રહે અને જેટલી એકાગ્રતા તેટલી આત્મસ્થિરતા હોય છે. અભ્યાસથી એ આત્મસ્થિરતા વધે છે ત્યારે તેના સુખદ ફળરૂપે આત્મસમાધિ પ્રગટે છે અને ત્યાર પછી તેના સુંદર શિવસ્વરૂપ પરિણામે કલ્યાણપ્રદ અને અચિંત્ય એવી અપૂર્વ આત્મ-શાંતિ અનુભવગમ્ય થાય છે. અહો, એ શાંતિની અપૂર્વતા અપૂર્વ છે, એ શાંતિનું દિવ્ય સ્વરૂપ અલૌકિક છે, એ શાંતિનું સંવેદન નિવેદનથી પર છે!

આ જ કારણે હવે છેલ્લી ઘડીના અવસરે આપણી પાસેથી રજા લેવાની તૈયારી કરતા

જીવના હિતાર્થે તેના આત્મામાં શાંત ભાવનું ગ્રહણ થાય તેવા ઉપાય લેવા અત્યંત આવશ્યક છે. આ અવસરે મિનિટે મિનિટની, સેકન્ડે સેકન્ડની કિંમત મોટી છે. સહેજ પણ ગફલતી રાખવા યોગ્ય નથી. લેશ પણ પ્રમાદ સેવવા યોગ્ય નથી. અંતકાળની સમીપતા આવતી જાય છે ત્યારે ઘણું કરીને દર્દી આંખો મીંચી દે છે અને પથારીમાં આરામથી સૂતો હોય છે. બેશુદ્ધિ ન હોય તો પણ ચક્ષુ બંધ જ હોય છે. દર્દી શુદ્ધિમાં હો, અથવા ન હો, પણ અંતકાળનો શાંતિનો ઉપાય તો અવશ્ય કરવા યોગ્ય છે. શુદ્ધિ નથી માટે ઉપાય કાર્યકારી ન જ થઈ શકે એમ આગ્રહથી માનવું ઉચિત નથી. એટલું યાદ રાખવું ઘટે છે કે પુદ્ગલ પરમાણુઓના ગ્રહણત્યાગનું કાર્ય

જીવ નિરંતર કર્યા જ કરે છે. અહીં વિશેષ એટલું સમજવું કે સભાન અવસ્થાએ શુભ પરમાણુઓનાં ગ્રહણનો લાભ વધુ હોય છે અને બેભાન અવસ્થા વખતે તે લાભ થોડો ન્યૂન હોય છે. વળી પરમાણુઓનાં આંદોલનની શક્તિ શાંતિનો ઉપાય કરનાર વ્યક્તિની અધ્યાત્મિકતા અને ચારિત્રદશા ઉપર અવલંબિત છે.

છેલ્લા અવસરની ઉપકારી વેળાએ કોઈ સદ્ધર્મપ્રેમી અને આરાધક સજ્જન અથવા સન્નારી દર્દીની પથારી પાસે બેસીને મનમાં અથવા બહુ જ ધીમેથી "પ્રભુ, શાંતિમાં રાખો, શાંતિ આપો" એ વચનોનું ભાવપૂર્વક સતત સ્મરણ કરે અને અન્ય જે જે સ્વજનો અથવા કુટુંબીજનો અથવા સ્નેહીઓ હોય, તે પણ બધાં આ જ સ્મરણમાં રહે અને

તેથી વાતાવરણ શાંતિના શુભ પરમાણુઓથી ભરપૂર થશે, છલકાઈ જશે. તેની "શાંત" અસર દર્દી ઉપરાંત હાજર રહેલા સર્વ જીવો ઉપર થયા વિના નહીં રહે. ઉપર સ્મરણ-વચનો લખ્યાં છે તેના બદલે "પ્રભુ, શાંતિ:" અથવા "શાંતિ:" એ પણ ઉપયોગમાં લઈ શકાય. દર્દીના દેહ અને આત્મા છૂટા પડે ત્યાં સુધી શકયતાએ સ્મરણ ચાલુ રાખવું અને દેહત્યાગ થતાં બંધ કરી દેવું. ઉપકારી વેળા આ રીતે સચવાઈ જવાથી સર્વને માટે સંતોષ સાથે આનંદનું (?) કારણ થશે. દાક્તરોએ ફરજ બજાવી છે તેના સંતોષ કરતાં આ સંતોષ અનેકગણો વધી જશે; દાક્તરોના દર્દની સામેના ઉપાયોમાં દુ:ખ હતું, કષ્ટ હતું અને અશાંતિનું ઘેરું વાદળ હતું, ત્યારે

અંતકાળના આધ્યાત્મિક ઉપાયોથી સુખ અને શાંતિનું વેદન સંભવિત થવું જણાતું હતું તેમ લાગશે.

"શ્રીમત્ વીતરાગ ભગવંતોએ
નિશ્ચિતાર્થ કરેલો એવો
અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ,
પરમ હિતકારી, પરમ અદ્ભુત
સર્વ દુઃખનો નિઃસંશય
આત્યંતિક ક્ષય કરનાર,
પરમ અમૃતસ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ
શાશ્વત ધર્મ જયવંત વર્તો!
ત્રિકાળ જયવંત વર્તો!"

—શ્રીમદ્ રાજચંદ્ર